
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મિત્ર, આપણાં બાબા તો જેલમાં જતા રહ્યા... પરંતુ આપણા જેવા ભક્તો માટે યાદગીરી રૂપે... આ પલંગ છોડતા ગયા છે જ્યાં તેમણે સત્સંગ કર્યા પછી બળાત્કાર કર્યા હતા...!!

# ગણપતિ વિસર્જનને પગલે નદી કાંઠાઓ પર ચુસ્ત બંદોબસ્ત

### સ્થાનિક પોલીસ અને ફાયરબ્રિગેડની ટુકડીઓ ખડેપગે રહેશે : વિસર્જનનાં ઉન્માદમાં કોઇ ડુબી ન જાય તેની ખાસ કાળજી રાખવામાં આવશે

ગાંધીનગર, તા.૩૦

આવતી કાલે ૩૧ ઓગષ્ટે ડી.જે નાં તાલે અસંખ્ય શ્રધ્ધાળુઓ નદીમાં ગણપતિ વિસર્જન માટે જશે. દર વર્ષે આ સ્પોટસ પર ભક્તોનાં ડુબી જવાનાં કિસ્સાઓ બનતા હોય છે. વિસર્જનનાં ઉન્માદમાં કોઈ ઉત્સાહી ભકત નદીમાં ડુબી ન જાય તેની ખાસ તકેદારીનાં ભાગરુપે તંત્ર દ્વારા પોલીસ અને ફાયરબ્રિગેડની ટુકડીઓ તૈનાત રાખવામાં આવનાર છે. ભાટ પાસે કરાઈ નદી કાંઠે અને ઈન્દ્રોડા પાસે નદી કાંઠે પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો ખડેપગે રહેશે અને કોઈ ડુબી ન જાય તેની તકેદારી રાખશે.

ગણપતિ વિસર્જન સમયે દર વર્ષે ભક્તોનાં નદીમાં ડુબી જવાથી મૃત્યુ થતા હોવાની વિગતો રેકર્ડ પર છે. દર વર્ષે ગાંધીનગર નજીકનાં નદી કાંઠેથી વિસર્જન દરમ્યાન અંદાજે પાંચ-છ ભક્તો નદીમાં ડુબી જતા હોય છે. ભાટ પાસે કરાઈ નદીમાં વિસર્જન માટેની સૌથી વધુ ભીડ જામે છે અને ડુબી જવાના કિસ્સા પણ અહી ગોબરેશ્વર મહાદેવ નજીક વધુ બને છે. અમદાવાદ પુર્વ વિસ્તાર અને ગાંધીનગરનાં ભક્તો મોટે ભાગે આ જગ્યા વિસર્જન માટે વધુ પસંદ કરતા હોવાથી હજ્જારો ભક્તો ત્યા એકત્ર થાય છે અને ડી.જે નાં તાલે વિસર્જન કરતી વખતે ઉન્માદમાં આવી ગયેલા ભક્તો નદીમાં વધુ અંદર ઉતરી જાય છે. તો બીજી તરફ રેતી માફિયાઓ એ રેતી ખનન કરી નદીમાં ખાડા કરી દીધા હોવાથી ન્હાવા પડતા ભક્તો સીધા ગરકાવ થઈ જવાના કિસ્સાઓ બને છે. આ સંજોગોમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની ખાસ તકેદારી તંત્રએ રાખી બંદોબસ્ત ગોઠવ્યો છે. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમો અને સ્થાનિક પોલીસની ટીમો રાઉન્ડ ધ ક્લોક આ વિસર્જન પોઈન્ટસ પર સ્ટેન્ડ ટુ રહેશે.



**મેડીકલની ફી વધારાને પગલે વિદ્યાર્થીઓ મેડીકલ કોલેજ દોડી ગયા**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમ હોલ ખાતે ઓફ લાઈન મેડીકલની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ત્યારે બુધવારના રોજ એક અફવા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં ફેલાઈ હતી કે મેડીકલમાં એક વર્ષની અભ્યાસની ફી રૂ.૫.૭૫ લાખ હતી તેના બદલે વધીને રૂ.૧૧ લાખ થઈ ગઈ છે. અચાનક આટલી તોંતિગ ફી વધારાની વાતને પગલે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ મેડીકલ કોલેજના ડીન પાસે દોડી આવ્યા હતા. ત્યારે કોલેજના સત્તાવાળાઓએ કોઈ ફી વધારો કરાયો નથી. આગામી વર્ષથી કદાચ થઈ શકે છે તે પણ માત્ર નજીવી રકમમાં વધારો થશે. ત્યારબાદ વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો.



આકાશે મેહુલો ગરજી રહ્યો છે અને ગાંધીનગરની વનરાજીમાં મોરલો ટહુકી રહ્યો છે. શહેરના સેકટર-૧૦માં સરકારી ઈમારતોની આસપાસ ફેલાયેલી વનરાજીમાં અસંખ્ય મોરનો નિવાસ છે. આ વિસ્તારની ચાની કિટલીઓ પર નિયમિત ચા પીવા આવતા સરકારી કર્મચારીઓ સાથે પરિચિત હોવાનો ઘરોબો કેળવી ચુકેલા આ રાષ્ટ્રીય પક્ષી વિશ્વાસ સાથે તેમની પાસે જઈ તેમના દ્વારા નખાતા 'ચણ' ચણતા હોય તેવા દ્રશ્યો અહીં સામાન્ય છે.

# બે મહિના પહેલા આપઘાત કરી લેનાર કોન્સ્ટેબલની પત્નિનો ગળેફાંસો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સે-૨૧ ખાતે આવેલી માઉન્ટ કાર્મેલ સ્કુલમાં ધોરણ-૫ માં અભ્યાસ કરતી વિધ્યાર્થીની બપોરે છુટી ગઈ પરંતુ સાંજ સુધી તેણીને લેવા માટે કોઈ વાલી આવ્યુ ન હોવાથી રડી રહી હતી. સ્કુલનાં સ્ટાફનું ધ્યાન જતા તેણીને સે-૨૧ પોલીસ સ્ટેશન લઈ જવાઈ હતી. પોલીસ વિધ્યાર્થીનીના બતાવ્યા મુજબનાં સરનામે સે-૨૭ પોલીસ લાઈનમાં પહોંચી ને ઘરે જઈને તપાસ કરી તો વિધ્યાર્થીનીની માતા પંખે લટકેલી હાલતમાં હતી. બે માસ પહેલા એસ.પી.નાં કમાન્ડો કોન્સ્ટેબલ મોતિસિંહે આપઘાત કરી લીધો હતો તેની જ પત્નિએ ગઈ સાંજે ગળેફાંસો ખાઈ કોઈ કારણોસર જીવનલીલા લીધીહોવાનું ધ્યાને આવ્યુ છે. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી એફ.એસ.એલ બોલાવી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

**માઉન્ટ કાર્મેલમાં અભ્યાસ કરતી દિકરીને સાંજ સુધી કોઇ લેવા ન આવતા સ્કુલનો સ્ટાફ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો : ઘરે જઇને તપાસ કરી તો વિધાર્થીનિની માતા પંખે લટકતી હાલતમાં હતી**

બે મહિના પહેલા સે-૨૭ પોલીસ લાઈનમાં રહેતા અને એસ.પીનાં કમાન્ડો તરીકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ મોતિસિંહ સોલંકીએ આપઘાત કરી લીધો હતો. તેમના આપઘાત બાદ તેમની પત્નિ જયશ્રીબેન સોલંકી અને તેમની ૧૦ વર્ષિય દિકરી ઘરે એકલા રહેતા હતા. ૧૦ વર્ષિય દિકરી માઉન્ટ કાર્મેલમાં ધો-૫ માં અભ્યાસ કરે છે. દરરોજ તેણીને લેવા-મુકવા તેની માતા જયશ્રીબેન આવતા હતા પરંતુ ગઈ કાલે બપોરે સ્કુલ છુટી ગઈને કલાકો વિતી ગયા તોય કોઈ વિધ્યાર્થીનીને લેવા આવ્યુ નહી. સ્કુલને તાળા મારવાનો સમય થયો ત્યારે આ દિકરી બહાર ચોધાર આંસુએ રડતી હતી. વિધ્યાર્થીનીને કોઈ લેવા ન આવ્યુ હોવાથી રડતા જોઈ સ્કુલનો સ્ટાફ તેણીની પાસે ગયો અને ત્યાથી સે-૨૧ પોલીસ સ્ટેશને લઈ ગયા. પોલીસે સરનામુ પુછ્યુ એટલે સે-૨૭ પોલીસ લાઈનનું સરનામુ બતાવી રહેલી આ વિધ્યાર્થીનીને લઈને પોલીસ તે સરનામે પહોંચી હતી. ઘરે પહોંચીને જોયુ તો તેની માતા પંખે લટકતી હાલતમાં હતી. જયશ્રીબેને કોઈ અગમ્ય કારણોસર બપોરનાં સમયગાળા દરમ્યાન પંખે લટકી જઈ આપઘાત કરી લીધો હતો. પોલીસે અંદર જઈ મૃતદેહ ઉતારી એફ.એસ.એલ બોલાવી લીધી હતી. મૃતદેહ પી.એમ માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા પી.એસ.આઈ જી.બી.વાઘેલાએ વધુ તપાસ શરુ કરી છે.

# સિવિલ હોસ્પિટલના ૮૫ અધિકારી કર્મચારીઓને સ્વાઈન ફલુની રસી અપાઈ

### સ્વાઈન ફલુના બે વોર્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે તંત્રએ અંદાજે રૂ.૭૦ હજાર ખર્ચ કર્યો

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર રાજયમાં સ્વાઈન ફલુએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે ગાંધીનગર શહેર-જિલ્લામાં પણ સ્વાઈન ફલુએ અજગરી ભરડો લીધો છે. ત્યારે સ્વાઈન ફલુના દર્દીઓ માટે ખાસ બે વોર્ડ હોસ્પિટલમાં તૈયાર કરવામાં આવ્યા છે. આ વોર્ડમાં સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેથી દર્દીની સારવાર માટે ડોક્ટર્સ, સ્ટાફ નર્સ તેમજ સીકયુરીટી અને વર્ગ-૪ના કર્મચારીઓ ફરજ બજાવે છે. હોસ્પિટલના સ્વાઈન ફલુ વોર્ડમાં ફરજ બજાવતા તમામ અધિકારી-કર્મચારીને સ્વાઈન ફલુ વિરોધી રસી મુકવામાં આવી છે. સરકારી તંત્ર દ્વારા ગણતરીની જ રસી આવતા ના છુટકે કર્મચારીઓની સલામતી માટે હોસ્પિટલ તંત્રએ અંદાજીત રૂ.૭૦ હજાર જેટલો ખર્ચ કરીને ૮૫ કર્મચારીઓને સ્વાઈન ફલુ વિરોધી રસી આપી છે. ત્યારે આગામી સમયમાં હજુ પણ ફરજ બજાવતા તમામ કર્મચારીઓને આ રસી આપવામાં આવનાર છે. સરકારી તંત્ર પાસે પણ રસી માંગવામાં આવી છે. ટુંક સમયમાં વેકસીનનો જથ્થો આવતા જ બાકી રહી ગયેલા અધિકારી - કર્મચારીઓને પણ તબક્કાવાર રસી આપવામાં આવનાર હોવાનું સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. સ્વાઈન ફલુ દિન પ્રતિદિન વકરી રહ્યો છે. ત્યારે હોસ્પિટલના વોર્ડ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. દર્દીઓની સાથે કર્મચારીઓના આરોગ્ય પણ જળવાય તે જરુરી છે. સમગ્ર રાજયમાં સ્વાઈન ફલુ વકરતા સ્વાઈન ફલુ વિરોધી રસી પણ વિવિધ કંપનીઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે. દરેક કંપનીની વેકસીનનો ભાવ અલગ અલગ છે. શહેરના મેડીકલ બજારમાં આ વેકસીનની ભારે માંગ છે. પરંતુ બજારમાં જરુરીયાત પ્રમાણે વેકસીન સરળતાથી મળી રહેતી નથી. તેમ છતા તંત્ર દ્વારા કર્મચારીઓના આરોગ્યની કાળજી કરીને અન્ય શહેરમાંથી વેકસીન મંગાવી કર્મચારીઓને આપવામાં આવી છે. જયારે અન્ય કર્મચારીઓને આગામી સમયમાં વેકસીન આપવામાં આવશે.

## પ્રિટી વિમેન્સ કલબ દ્વારા એકિઝબીશન કમ સેલનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં ફરી એકવાર 'પ્રિટી વિમન્સ કલબ' દ્વારા એકિઝબીશન-કમ-સેલનું આયોજન કરવામાં આવ્યું છે. આ એકિઝબીશન આગામી તા. ૨જી સપ્ટેમ્બરથી તા. ૩જી સપ્ટેમ્બર દરમિયાન દરરોજ સવારે ૧૦.૩૦ થી સાંજના ૮ વાગ્યા સુધી સે-૧૨માં ઉમા સમાજભવન ખાતે યોજાશે. આ એકિઝબીશનમાં દરેક વ્યકિત માટેના ઈન્ડિયન અને વેસ્ટર્ન આઉટફીટસ, ટ્રેડિશનલ વેર, લખનઉ ચિકન ટોપ, ડ્રેસ મટિરિયલ્સ, કોસ્મેટિક, પરફ્યુમ, હેન્ડીક્રાફટ, એકેલીક રંગોળી, હોમ ફર્નિચર એન્ડ ડેકોરેશન, એન્ટીક ઈમીટેશન, હેન્ડમેઈડ જવેલરી, પર્સ અને એસેસરીઝ, પર્સનલ કેર સહિત સ્વીટ અને નમકીન વગેરેનું આકર્ષણ રહેશે. આ પ્રદર્શનમાં સામેલ થવા પ્રિટી વિમેન્સ કલબના શિલ્પા દેસાઈ અથવા દક્ષા જાદવનો સંપર્ક સાધવા જણાવાયું છે.

# એનઆઈડી ખાતે 'ફોકસ ઈન્ડિયા' ફોટોગ્રાફી પ્રદર્શનનો આજથી પ્રારંભ

ગાંધીનગર, તા.૩૦

યુકે ઈન્ડિયા યર ઓફ કલ્ચર ૨૦૧૭ અંતર્ગત ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન ખાતે 'ફોકસ ઈન્ડિયા' ફોટોગ્રાફી એકિઝબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં ભારત અને સ્કોટલેન્ડના મળીને કુલ ૧૦ ઉભરતા ફોટોગ્રાફર્સની તસવીરો પ્રદર્શિત કરાશે. આ પ્રદર્શનનો પ્રારંભ તા. ૩૧મી ઓગસ્ટ ગુરુવારે એનઆઈડી કેમ્પસ સ્થિત ડિઝાઈન ગેલેરી ખાતે સાંજે ૫.૦૦ કલાકે કરાશે.

'ફોકસ ઈન્ડિયા' પ્રદર્શન ભારત તથા સ્કોટલેન્ડના ઉભરતા ફોટોગ્રાફર્સ માટે એક તક પુરી પાડશે. આ પ્રદર્શનમાં શેરીઓથી માંડીને લાંબી દસ્તાવેજી કૃતિઓ સુધીની અંગતથી માંડીને જાહેરજીવન સુધીની અને કલ્પના શકિત આધારિતથી માંડીને મોબાઈલ પ્રોજેકટ સુધીની વૈવિધ્યસભર તસવીરો પ્રદર્શિત કરાશે. આ પ્રદર્શનમાં સામેલ દસ તસવીરકારોમાં ઈન્દ્રનીલ બેનર્જી, પ્રાર્થના સીંગ, સુકન્યા ઘોષ, સુચિ કપૂર, હરિકૃષ્ણ કત્રાગડ્ડા, ટાઈનબેક, સેન્ડી કાર્સન, જહોન ફેરેલ, કોટ્રિના ઉલા કિલિયુલાઈટ અને લ્યુસિ રાચેલનો સમાવેશ કરાયો છે.




## આવતીકાલે સેકટર-૭/સીની નવરાત્રિ મહોત્સવની બેઠક

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૭-સીના નવરાત્રિ મહોત્સવના ગત વર્ષના હિસાબને બહાલી આપવા તેમજ આગામી નવરાત્રિ મહોત્સવના આયોજન તથા હોદ્દેદારોની વરણી કરવા માટેની સામાન્ય સભા તા. ૧લી સપ્ટેમ્બરે રાત્રે સાડા આઠ વાગે શિવશકિત મંદિરના પરિસરમાં યોજાશે તેમ મહામંત્રી તળજાભાઈ દેસાઈએ જણાવેલ છે.

# ગાંધીનગર જિલ્લામાં ૬ઠ્ઠીથી 'મા નર્મદા' મહોત્સવની ઉજવણી

ગાંધીનગર જિલ્લામાં તા.૬ થી ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭ દરમ્યાન મા નર્મદા મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉજવણીના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. તા.૬ સપ્ટેમ્બરના રોજ રથનું પ્રસ્થાન ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામથી કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું હતું કે, મા નર્મદા મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં બે રથ ફરશે. આ બન્ને રથ જિલ્લાના કુલ- ૧૫૩ ગામો અને ૪ નગરપાલિકા વિસ્તારમાં ફરશે. જેમાં ગાંધીનગર તાલુકાના ૧૯ ગામ, દહેગામ તાલુકાના ૩૫ ગામો, માણસા તાલુકાના ૫૫ ગામો અને કલોલ તાલુકાના ૪૪ ગામોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત પેથાપુર, દહેગામ, માણસા અને કલોલ નગરપાલિકા વિસ્તારમાં આ રથ ફરશે.



**શ્રી એમ.વી. દેસાઈને રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડ એનાયત કરાયો**

ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ સોસાયટી નવી દિલ્હી દ્વારા શ્રી એમ.વી. દેસાઈ (પુર્વ સંયુકત નિયામકશ્રી જી.એલ.ડી.સી.)ને પ્રશંસનીય સેવા અભૂતપૂર્વ યોગદાન તથા ઉત્કૃષ્ઠ કામગીરીને ધ્યાને લઈ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર નવી દિલ્હી ખાતે ડૉ. બી.એન. સીંગ, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે તેમજ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના અધ્યક્ષશ્રી, વિશિષ્ટ મહાનુભાવો, રાજયપાલશ્રીઓની હાજરીમાં રાષ્ટ્રીય ગૌરવ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

# છુટા કરાયેલા સફાઈ કર્મચારીઓને ન્યાય નહિ મળે તો ભૂખ હડતાલ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાના છુટા કરાયેલા ૩૦૦ જેટલા રોજમદાર સફાઈ કામદારો માટે ન્યાય સહિતની વિવિધ માંગણીઓ અંતર્ગત સફાઈ કામદારો દ્વારા મનપાને ૫ દિવસની મહેતલ આપવામાં આવી છે. આ સાથે જો ૫ દિનમાં તેમની માંગણીઓ નહી સ્વીકારાય તો તા. ૧૧મી સપ્ટેમ્બરથી સે. ૬માં સત્યાગ્રહ છાવણી ખાતે ભૂખ હડતાલ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

મનપા દ્વારા તા. ૩૧મી જુલાઈ-૨૦૧૬ના રોજ ૩૦૦ જેટલા રોજમદારો સફાઈ કામદારોને કોઈપણ જાતની નોટીસ વગર છુટા કરી દેવાયા હતા. આ બાબતે કર્મચારીઓને ન્યાય મળે તે માટે છેલ્લાં એક વર્ષથી અસંખ્ય લેખિત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં મનપા દ્વારા એક પણ જવાબ નહી આપ્યો હોવાનો આક્ષેપ કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યો છે. અંતે આ કર્મચારીઓએ મનપાને હવે ૫ દિવસની મહેતલ આપવા સાથે આ સમયમર્યાદામાં તેમને ન્યાય નહી મળે અને તેમની માંગણીઓ સ્વીકારવામાં નહી આવે તો ભૂખ હડતાલનું શસ્ત્ર ઉગામવાની ચિમકી આપી છે.

# પી.ડી.પી.યુ.ના ૪૬૦ વિદ્યાર્થીઓએ એન.સી.સી.ની તાલિમ મેળવી

ગાંધીનગર, તા.૩૦

નેશનલ કેડેટ કોર (એનસીસી) વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક કેળવણી માટે કાર્યરત છે. તે વિદ્યાર્થીઓને શિસ્ત, સમર્પણ અને નિર્ણયક્ષમતાની તાલિમ આપવા કટિબદ્ધ છે. એનસીસીનો અભિગમ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતાની ભાવના જગાવવાનો છે.

પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ એનસીસીમાં પ્રવૃત્ત થાય તે માટે ૨૦૧૬ના વર્ષથી પીડીપીયુની સંસ્થા સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના પ્રથમ વર્ષના ૪૬૦ વિદ્યાર્થીઓને 'એકસપોઝર ટૂ એનસીસી'ના અભ્યાસક્રમ હેઠળ એનસીસીની ફરજીયાત તાલીમ આપવામાં આવી રહી છે. દરેક વિદ્યાર્થીને આ માટે બનાવેલો ખાસ યુનિફોર્મ આપવામાં આવે છે. પરેડ શીખવાડવામાં આવે છે. શારિરીક પ્રવૃત્તિ માટે સગવડ અને ટ્રેનિંગ આપવામાં આવે છે અને દેશસેવાના ગુણ વિકસાવવામાં આવે છે. પીડીપીયુ દેશની સર્વ પ્રથમ વિશ્વ વિદ્યાલય છે જયાં એનસીસીને પ્રેરણા આપવા સમકક્ષ તાલીમ ફરજીયાત કરવામાં આવી છે.



આ માટે પીડીપીયુના ડૉ. નિગમ દવેને ડીજી એનસીસી, નવી દિલ્લીની સંમતિથી ગુજરાત એનસીસી ડિરેકટરેટ દ્વારા તા. ૩૦ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ હોનોરરી કર્નલના દરજજાથી ૨૫૦ એનસીસી કેડેટસની હાજરીમાં સન્માનિત કરવામાં આવ્યા છે. યુવા પેઢીમાં રાષ્ટ્ર નિર્માણની સમજ અને જાગૃતિનો સંદેશ પ્રસરાવવા માટે કાર્યરત વ્યકિતઓને આ હોદ્દાથી સન્માનિત કરવામાં આવે છે. આ ઉપરાંત પીડીપીયુમાં રેગ્યુલર એનસીસીની પ્રવૃત્તિ માટે એસોસિએટ એનસીસી ઓફિસર લેફટેનન્ટ અનિલકુમાર મારકણા અને લેફટનન્ટ ખુશાલી પુરોહિત સક્રિય છે.

સમારંભમાં પીડીપીયુના ડિરેકટર જનરલ ડૉ. ટી. કિશાન રેડ્ડીએ કહ્યું કે એનાસીસી આજના ટેકનોલોજી સંચાલિત સ્વ કેન્દ્રિય યુગના યુવાન માટે ખાસ સુસંગત છે તે એકતા, દેશભકિત, પરસ્પર લાગણી અને સમૂહકાર્ય શીખવાડે છે.

સમારંભના મુખ્ય અતિથિ મેજર જનરલ સુભાષ શરણ, એડિશનલ ડિરેકટર જનરલ, એનસીસી ડિરેકટરેટ ગુજરાત, દીવ અને દમણ, દાદરા નગર હવેલી એ સંસ્થાની પ્રશંસા કરતા કહ્યું કે પીડીપીયુને તેની આ પહેલ માટે દેશ હંમેશા યાદ રાખશે. આગળ તેમના સંબોધનમાં જણાવ્યું કે દેશને પ્રગતિ અને વિકાસના માર્ગ પર આગળ વધવા માટે ત્રણ સામર્થ્ય વિકસાવવા પડશે. આર્થિક, લશ્કરી અને રાષ્ટ્ર ચરિત્રનું નિર્માણ. તેમણે કહ્યું કે એનસીસીમાં જોડાઈને એક વિદ્યાર્થી સાધારણ યુવાનમાંથી પ્રશિક્ષિત અને શિસ્તબદ્ધ યુવાનમાં વિકસિત થાય છે અને દેશની સેવા અને પ્રગતિમાં ઉપયોગી થાય છે.

**ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન**
ઘ-૪ પાસે, સેકટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬.
ફોન : ૦૭૯-૨૩૨૨૩૪૪૯, ફેક્સ : ૨૩૨૨૧૫૯૮

**વાહન વેચાણથી આપવાના છે**

સંસ્થાની તાબા હેઠળની બિનઉપયોગી બોલેરો કેમ્પર (1) GJ-18-At 1523 વર્ષ : ૨૦૦૯ (2) GJ-18- AT-1525 વર્ષ : ૨૦૦૯ અને (૩) ઈન્ડીકા GJ-18-AC-6443 વર્ષ : ૨૦૦૮, જ્યાં છે અને જેમ છે તે સ્થિતિમાં ઉપરના સરનામે ટેન્ડર પદ્ધતિથી વેચાણ કરવાના છે. રસ ધરાવતા બિડરો / પક્ષકારોને વાહનનું નિરીક્ષણ સંસ્થા ખાતે કચેરી કામકાજના સમય ૧૧ થી ૪ કલાક દરમિયાન તા. ૧/૯/૨૦૧૭ થી તા. ૧૧/૯/૨૦૧૭ સુધીમાં ઉપરોક્ત વાહનો જોઈ શકાશે તથા કોરા ટેન્ડર મેળવી શકશે. ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તા. ૨૧/૯/૨૦૧૭ ૧૭.૦૦ કલાક સુધી રહેશે. સંસ્થામાં રૂબરૂમાં પ્રતિ ટેન્ડર દીઠ રૂ. ૧૫૦૦/- રોકડા (નોન રીફંડેબલ) જમા કરાવવાથી કોરા ટેન્ડર મેળવી શકાશે.

માહિતી/૧૪૬૮/૧૭-૧૮ નિયામક